Extra No. 434

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, DECEMBER 31, 2025 / PAUSHA 10, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૫

વંચાણે લીધુ:-

- પોલીસ અધીક્ષકશ્રી,ગાંધીનગરનાઓના તા.૨૦/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક એસ.ઓ.જી./નો ડ્રોન.જા.નામુ./૮૫૩૭/૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં.ડીસી/જાહેરનામું/વશી ૧૨૦૦૭ થી ૧૨૦૩૫/૨૦૨૫ :- પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરનાઓના આમુખ-(૧)ના પત્રમાં જણાવ્યાનુસાર ગુજરાત રાજ્યના શહેર/જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રીટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશનને રેડ ઝોન/યલો ઝોન કે ગ્રીન ઝોન ને આંતરીક કમીટી દ્વારા વિભાજીત કરવામાં આવેલ છે. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યના શહેર/ જિલ્લાના કુલ-૨૭૯૦ સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાંથી ૧૪૨૫ સ્થળો રેડ ઝોનમાં તેમજ ૧૩૬૫ સ્થળો યલો ઝોનમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. સદર માહિતીને અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગની અધ્યક્ષતામાં રચાયેલ કમીટી દ્વારા એપ્રુવ કરવામાં આવેલ છે. જે અંગે વર્ગીકૃત કરવામાં આવેલ રેડ ઝોન, યલો ઝોન, વિસ્તારમાં જાહેરનામું પ્રસિદ્ધ કરવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ છે.

વંચાણમાં લીધેલ પત્ર અનુસંધાને અત્રેના ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રીટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા કુલ-૪૭ ઈન્સ્ટોલેશન પૈકીના રેડ ઝોનમાં ૧૯ તથા યલો ઝોનમાં-૨૮ વિસ્તારને વિભાજીત કરવામાં આવેલ છે. જે જુદા જુદા ઝોન વિસ્તારના તમામ દિશાઓમાં બે (૨) કીલોમીટર વિસ્તારને ડ્રોન કેમેરા, અને અનમેન એરીયલ વ્હીકલ (UAV) ઉડાડવા પર પ્રતિબંધિત વિસ્તાર તરીકે "નો ડ્રોન ઝોન" જાહેર કરવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ સમગ્ર જિલ્લા વિસ્તારમાં આવેલ પેટામાં સામેલ રાખેલ પત્રક મુજબના ક્રીટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશનો અંગે દિન-૬૦ માટે "નો ડ્રોન ઝોન" અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

આમ, દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ડ્રોન દ્વારા પ્રતિબંધિત વિસ્તાર વિસ્તારમાં હાની પહોચાડવાની શક્યતા નકારી શકાય નહી અને આ પ્રકારના સંસાધનોથી આતંક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકસાન કરે તેવી શક્યતા રહેલી છે.

જેથી ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લઈ પોલીસ અધીક્ષકશ્રીના તા.૧૫/૧૦/૨૦૨૫ના પત્ર સાથે સામેલ પત્રમાં જણાવેલ અત્રેના ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રીટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા કુલ-૪૭ ઈન્સ્ટોલેશન પૈકીના રેડ ઝોનમાં ૧૯ તથા યલો ઝોનમાં-૨૮ વિસ્તારને વિભાજીત કરવામાં આવેલ છે, જે જુદા જુદા ઝોન વિસ્તારના તમામ દિશાઓમાં બે (૨) કીલોમીટર વિસ્તારને ડ્રોન કેમેરા, અને અનમેન એરીયલ વ્હીકલ (UAV) ઉડાડવા પર પ્રતિબંધિત વિસ્તાર તરીકે "નો ડ્રોન ઝોન" જાહેર કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું મેહુલ કે. દવે આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં આ સાથે સામેલ પરિશિષ્ઠમાં દર્શાવેલ ક્રીટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા કુલ-૪૭ ઈન્સ્ટોલેશન પૈકીના રેડ ઝોનમાં ૧૯ તથા યલો ઝોનમાં-૨૮ વિસ્તારને વિભાજીત કરવામાં આવેલ જુદા જુદા ઝોન વિસ્તારના તમામ દિશાઓમાં બે (૨) કીલોમીટર વિસ્તારને ડ્રોન કેમેરા, અને અનમેન એરીયલ વ્હીકલ (UAV) ઉડાડવા પર પ્રતિબંધિત વિસ્તાર "નો ડ્રોન ઝોન" તરીકે જાહેર કરવા આથી હુકમ કરૂ છું.

આ હુકમ તા.૨૪/૧૨/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમ પોલીસ વિભાગ અને સુરક્ષા બળોના ઉપરોક્ત સાધનોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ, તથા પોલીસ અધીક્ષકશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મ્યુનીસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ કરવી.

આજ તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

મેહુલ કે. દવે,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

ANNEXURE

Sr. No.	City/ District	Name of Place	Latitude	Longitude	Zone Red/ Yellow	With buffer Area (IN Kms)	Remarks
1	Gandhinagar	Thermal Power Station	23.2544232	72.6755679	Red	Not Within Installation Area	
2	Gandhinagar	85, Infantry Brigade Camp	23.231743	72.713595	Red	3 km	
3	Gandhinagar	(4)A.E., Airforce Station	23.1556248	72.472397	Red	3 km	
4	Gandhinagar	Institute of Plasma Research Centre	23.0982462	72.632853	Red	2 km	
5	Gandhinagar	S.W.A.C Air force	23.211475	72.656658	Red	3 km	

Sr. No.	City/ District	Name of Place	Latitude	Longitude	Zone Red/ Yellow	With buffer Area (IN Kms)	Remarks
6	Gandhinagar	Sachivalaya & Vidhansabha Complex	23.2206215	72.657976	Red	3 km	
7	Gandhinagar	Akshardham Temple	23.23321	72.6748	Red	Not Within Installation Area	
8	Gandhinagar	H.P.C.L. LPG Botaling Plant	23.2248266	72.64637	Red	Not Within Installation Area	
9	Gandhinagar	B.R.D. 15 Airforce	23.1556248	72.472397	Red	3 km	
10	Gandhinagar	Airforce Radar Station	23.15597	72.39507	Red	3 km	
11	Gandhinagar	Microwave Equipment Station	23.219145	72.650152	Yellow	Not Within Installation Area	
12	Gandhinagar	Govt. Central Press	23.2441	72.7033	Yellow	Not Within Installation Area	
13	Gandhinagar	International Communication Centre,	23.224526	72.663714	Red	Not Within Installation Area	
14	Gandhinagar	Sewage Pumping Station,	23.1848885	72.615848	Yellow	Not Within Installation Area	
15	Gandhinagar	Group Gathering Station	23.19586	72.54826	Red	Not Within Installation Area	
16	Gandhinagar	Group Gathering Station	22.606001	73.462997	Red	Not Within Installation Area	
17	Gandhinagar	Technical Complex, Airforce	23.24973	72.64573	Red	3 km	
18	Gandhinagar	Police Bhavan	23.2134N	72.6592E	Red	Not Within Installation Area	
19	Gandhinagar	O.N.G.C. Project	23.3264088	72.684098	Red	Not Within Installation Area	
20	Gandhinagar	B.S.F.	23.250237	72.663704	Red	3 km	
21	Gandhinagar	C.R.P.F.	23.21575	72.6347	Red	3 km	
22	Gandhinagar	Mahatma Mandir	23.2317N	72.6335E	Yellow	Not Within Installation Area	
23	Gandhinagar	GIFT CITY	23.1858348	72.659697	Yellow	Not Within Installation Area	
24	Gandhinagar	Raj Bhavan	23.2236083	72.6744641	Red	3 km	
25	Gandhinagar	Collector Office	23.2204881	72.6445277	Yellow	Not Within Installation Area	
26	Gandhinagar	M.L.A. Quarters	23.228691	72.6613015	Yellow	Not Within Installation Area	
27	Gandhinagar	C.M. House	23.2235683	72.6744742	Red	Not Within Installation Area	
28	Gandhinagar	Sabarmati River Bridge	23.2441273	72.6825526	Yellow	Not Within Installation Area	
29	Gandhinagar	Pathikashram Bus Station	23.2182997	72.6422427	Yellow	Not Within Installation Area	
30	Gandhinagar	Mahudi mandir	23.492771	72.7824084	Red	Not Within Installation Area	
31	Gandhinagar	Dabhodiya Hanuman mandir	23.1748716	72.7498557	Red	Not Within Installation Area	
32	Gandhinagar	Tri mandir	23.1782095	72.5715724	Red	Not Within Installation Area	

Sr. No.	City/ District	Name of Place	Latitude	Longitude	Zone Red/ Yellow	With buffer Area (IN Kms)	Remarks
33	Gandhinagar	Indroda Nature Park & Dinosaur And Fossil Park	23.1925961	72.6464317	Red	Not Within Installation Area	
34	Gandhinagar	Adalaj Stepwell	23.1666225	72.5800015	Yellow	Not Within Installation Area	
35	Gandhinagar	Alampur Vegetable Market	23.2409893	72.7086662	Yellow	Not Within Installation Area	
36	Gandhinagar	Madhur Dairy Plat	23.2402846	72.6354091	Yellow	Not Within Installation Area	
37	Gandhinagar	Mother Dairy Plat	23.0973136	72.6298172	Yellow	Not Within Installation Area	
38	Gandhinagar	S.R.P.F Group 12	23.2510451	72.6514998	Yellow	Not Within Installation Area	
39	Gandhinagar	Civil Hospital	23.2183319	72.6399754	Red	Not Within Installation Area	
40	Gandhinagar	Lakroda Dem	23.4460772	72.8095595	Yellow	Not Within Installation Area	
41	Gandhinagar	A.P.M.C. Market	23.1700672	72.8185889	Yellow	Not Within Installation Area	
42	Gandhinagar	A.P.M.C. Market	23.2497052	72.4969399	Yellow	Not Within Installation Area	
43	Gandhinagar	A.P.M.C. Market	23.4265488	72.6517094	Yellow	Not Within Installation Area	
44	Gandhinagar	District Court	23.2198161	72.6442701	Yellow	Not Within Installation Area	
45	Gandhinagar	Range I.G.P. Office	23.2546556	72.6514358	Yellow	Not Within Installation Area	
46	Gandhinagar	S.P. office	23.2536215	72.6518551	Yellow	Not Within Installation Area	
47	Gandhinagar	Railway Station	23.2347193	72.6297454	Yellow	Not Within Installation Area	

MEHUL K. DAVE,
District Magistrate, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.01.27 21:47:00 IST